# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-08-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## PM-ગુજરાત પ્રવાસ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે તેમના સ્વાગત માટે ગુજરાતીઓમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. તો સુરક્ષાને ધ્યાને લઈને પોલીસ એલર્ટ મોડમાં છે. પોલીસ કમિશ્નર અમદાવાદ દ્વારા કાયદો અને વ્યવસ્થાને ધ્યાને લઈને સમગ્ર શહેરમાં નો-ડ્રોન ફલાય ઝોન જાહેરનામુ લાગુ કરવામાં આવ્યુ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના નિકોલમાં સભાને સંબોધશે. શ્રી મોદી અમદાવાદ અને ગાંધીનગરમાં શહેરી વિકાસને લગતા અંદાજે બે હજાર 548 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તથા અંદાજે બે હજાર 267 કરોડ રૂપિયાની પરિયોજનાની ભેટ આપશે. આ પરિયોજના હેઠળ અંદાજે એક હજાર 624 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડ છ માર્ગીય બનાવાશે. જ્યારે દક્ષિણ—પશ્ચિમ ઝૉનમાં નાનું રમતગમત સંકુલ બનાવાશે.

શ્રી મોદી ગાંધીનગરમાં શહેરી વિકાસના કુલ 281 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ G.U.D.A. દ્વારા 38 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

---

## ગુજરાતી ભાષા દિવસ :

આજે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ છે. કવિ-સાહિત્યકાર નર્મદની જયંતિ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સર્વે ગુજરાતીઓને આ દિવસની શુભકામનાઓ પાઠવી.

શ્રી શાહે ગુજરાતીઓને ગુજરાતી ભાષા અને તેની સમૃદ્ધ સાહિત્યિક પરંપરાના સંરક્ષણ, સંવર્ધન અને પ્રસાર-પ્રચારમાં સક્રિય ભૂમિકા ભજવવા આહ્વાન કર્યું.

---

## કચ્છ-યુનિ-સાયબર વિભાગની રચના:

ઓનલાઇન ઠગાઈ, ડીજીટલ અરેસ્ટ સહિત ફ્રોડના બનાવો સતત વધી રહ્યા હોવાથી ગુજરાત પોલીસમાં પણ અલગથી સાયબર વિભાગની રચના કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતમાં તમામ સરકારી યુનિવર્સિટી અને સરકારી-ગ્રાન્ટેડ કોલેજમાં સાયબર ક્લબ શરૂ કરવા સુચના આપવામાં આવી છે આ માટે જરૂરી વ્યવસ્થા અને સાધનો ઉપલબ્ધ કરાવવા ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી છે. કચ્છ યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઇટી વિભાગ હસ્તક આ સાયબર ક્લબની રચના કરવામાં આવી છે

જે અંતર્ગત ક્લબ દ્વારા સેમિનાર યોજવા સાથે લોકોને માહીતી આપવામાં આવશે. જેમાં ખાસ કરીને સાયબર ક્લબ દ્વારા વર્કશોપ યોજી મહત્તમ વિદ્યાર્થીઓ સુધી પહોંચી સાયબર ક્રાઇમ શુ છે. તેને કઈ રીતે અટકાવવા તેમજ રાખવાની થતી સાવધાની બાબતે સમજ આપવામાં આવશે.

---

## LLDC –કલાસંગમ પુર્ણાહુતી :

કચ્છના પ્રખ્યાત લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર (એલએલડીસી), અજરખપુર દ્વારા આયોજિત ત્રિદિવસીય“કલાસંગમ” ની આજે પુર્ણાહુતી થઇ હતી.

પ્રથમ દિવસે સંગીત શૈલીના કલાકારોએ  વિવિધ ગીતો અને ગઝલોની રજુઆત કરી હતી. ગઈકાલે દ્વિતીય દિવસે એલ.એલ.ડીસીના સ્થાપક ચંદાબેન શ્રોફ-કાકીની 9મી પુણ્યતિથિ હોતા તેમને શ્રધ્ધાંજલી સાથે  કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. આ દિવસ સાહિત્ય કલા સંગમ શબદ નાદથી ગુંજી ઉઠ્યો હતો. તૃતીય દિવસે આજે  વિવિધ નૃત્ય કલાની  પ્રસ્તૃતી કરવામાં આવી હતી.

સમગ્ર રાજ્યમાં પ્રથમ વખત યોજાયેલ એવા આ કાર્યક્રમ દરમ્યાન ત્રણે ક્ષેત્રમાં  જુની અને નવી પેઢી વચ્ચે  અનોખો સંવાદ સર્જાયો હતો. ઉપસ્થિત સૌ મહાનુભાવોએ  ભાવિ પેઢીને સંગીત, સાહિત્ય અને નૃત્યનો આપણો ભવ્ય સમૃધ્ધ વારસો જાળવવા સાથે તેનું સંવર્ધન અને ડોક્યુમેન્ટેશન કરવાની સલાહ આપી હતી.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન :

હવામાન વિભાગની આગાહી મુજબ  સમગ્ર ગુજરાતમાં  સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. રાજ્યભર સાથે કચ્છમાં  આગામી  30 ઓગષ્ટ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે કચ્છમાં ઝરમર ઝાપટા સાથે સવારથી વાદળછાયુ વાતાવરણ રહ્યુ છે.કચ્છ જીલ્લા કંન્ટ્રોલરૂમ પરથી મળતી માહિતી મુજબ આજે સવારે 6 થી સાજે 6 વાગ્યા સુધીમાં ભુજ અને લખપતમાં 1 મીલીમીટર, જયારે ભચાઉ,અંજાર,નખત્રાણા ખાતે 2 મિલીમીટર, ગાંધીધામ તથા મુન્દ્રામાં  3 મિલીમીટર વરસાદ પડ્યો છે.તો અબડાસા,માંડવી અને રાપર ખાતે વરસાદ પડ્યાના અહેવાલ નથી.

---------------------------------------------------------------------------------------------------

# અબડાસા-કેરાવાંઢ બંધારો તુટ્યો

કચ્છમાં અબડાસા તાલુકાના કેરવાંઢ કોસાનો ખારો બંધારો ફરી એકવાર તૂટી ગયો છે. આ બંધારાથી વિસ્તારના ખેડૂતોને સારો એવો ફાયદો થયો હતો અને પાક પણ સારો થતો હતો. પરંતુ ભારે વરસાદના કારણે માટીના બંધારામાં ભંગાણ સર્જાયું છે. જેનાથી ખારું પાણી ડેમના પાણીમાં ભળી જાય તો ડેમનું તળિયું ખારું થઈ જવાની સંભાવના છે. વર્તમાન પરિસ્થિતિમાં ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.ખેડૂતોએ પાકો બંધારો બનાવવાની માંગ કરી છે. જેથી ભવિષ્યમાં આવી સમસ્યા ન સર્જાય.

---

# ITI-પ્રવેશ ચોથો રાઉન્ડ

આઈ.ટી.આઈ.-ભુજ ખાતે તૃતીય એડમિશન રાઉન્ડના અંતે ધોરણ 10 કે 8-9 પાસ માટે વ્યવસાયિક અભ્યાસક્રમોમાં બાકી રહેતી બેઠકો પર પ્રવેશ મેળવવા માટેની અરજી કરવાની પ્રક્રિયા વહેલા તે પહેલાંના ધોરણે 26 ઓગષ્ટ 2025 થી ચાલુ થશે. ચોથા રાઉન્ડમાં એડમિશન મેળવાની છેલ્લી તારીખ 30 ઓગસ્ટ છે. જે માટે  ભુજ ખાતે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાની મુલાકાત લેવા યાદીમાં જણાવાયું છે.

---